જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૩/૨૦૨૩ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૦૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૨૭૦ લીટર દેશી દારૂ, ૬૯૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૪૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૧,૫૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૦૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૪૦૨/૨૦૨૩

**નરોડાઃ** અરૂણાબહેન તે પ્રાણસુખભાઇ પટેલ નાઓની વિધવા પત્ની (ઉ.વ.૫૪)(રહે.શ્રીનાથ બંગ્લોઝ વિભાગ-૦૧ માતૃશ્રી પાર્ટી-પ્લોટ સામે ચાંદખેડા) એ તા.૦૫/૦૩/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૨/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી તા.૦૩/૦૩/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા દહેગામ રોડ ત્રણ રસ્તાની સામે “શ્યામ વેલેન્સિયા બંગ્લોઝ” ખાતે આવેલ પોતાના બંગ્લા નંબર ૪૯ ની અંદર અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, બંગ્લોમાંથી સ્ટેનલેસ સ્ટીલના અલગ-અલગ ડિઝાઇનના નળ નંગ-૮ બારી-બારણાને લગાવવાની પિત્તળની સ્ટોપરો નંગ-૨૫ મળી કુલ કિંમત રૂપિયા ૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૦૩/૨૦૨૩**

**કાગડાપીઠઃ** રંજનાબહેન વા/ઓ રમેશનાથ રાવલ (ઉ.વ.૫૦)(રહે.રબારીવાસ, હીરાપાર્ક માનસી સોસાયટી પાસે, સરદાર પટેલ સ્કુલ સામે, મણિનગર) એ તા.૦૫/૦૩/૨૦૨૨ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૩/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે ગીતા મંદિર એસ.ટી.બસ સ્ટેન્ડ પ્લેટ ફોમ નંબર-૧૨ આગળ અમદાવાદ થી સાગવાડા જતી બસમા બેસતી વખતે બસના દરવાજામાં ભીડનો લાભ લઇ કોઇ અજાણી વ્યક્તિ રંજનાબહેનના ખભામાં ભરાવેલ બેગમાંથી સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૨૫,૦૦૦/-, ચાંદીની બંગડી કિંમત રૂપિયા ૨,૦૦૦/-, ચાંદીનો કમર ઝુલો કિંમત રૂપિયા ૧,૦૦૦/-, રોકડ રૂપિયા ૬૫,૦૦૦/- અને સાદો મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૦૦/- મળી કુલ રૂપિયા ૯૩,૫૦૦/- મતાની તેમજ અગત્યના દસ્તાવેજોની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૦૪/૨૦૨૩**

**ચાંદખેડાઃ** સુબેદારસિંહ માનસિંહ ભદોરિયા (ઉ.વ.૭૫)(રહે.શ્રવન મહાવીર સોસાયટી ચાંદખેડા રેલ્વે સ્ટેશન પાછળ ચાંદખેડા) તા.૦૫/૦૩/૨૦૨૩ સાંજના ૭/૪૦ વાગ્યા પહેલા ઉમાભવાની ફાટક પાસે થાંભલા નંબર-૭૭૪/૨૬ આગળ ટ્રેઇનની અડફેટે આવી જતા, શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રણવીરસિંહ હાથીસિંહ ચલાવે છે.

**ગળેફાંસો આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૦૫/૨૦૨૩**

**અમરાઇવાડીઃ** તા.૨૮/૦૨/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે રમેશભાઇ ચંદ્રકાન્તભાઇ ખત્રી (રહે.ગણેશનગર અજય ટેનામેન્ટ વિભાગ-૪ સામે જ્યોતિ વિદ્યાલય પાસે અમરાઇવાડી) નાઓનો ૧૨ વર્ષનો પુત્ર હર્ષ મકાનની ઉપરના રૂમમાં સાડીથી બનાવેલ ઝુલામાં રમતો હતો ત્યારે રમતા-રમતા હર્ષને સાડીથી ગળેફાંસો આવી જતા, સારવાર માટે તેને એલ.જી.હોસ્પિટલ ખાતે દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૪/૦૩/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ હર્ષને મૃત જાહેર કર્યો હતો. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૦૬/૨૦૨૩**

**નારોલઃ** રાહુલકુમાર મોહનદાશ જાતે-દાશ (ઉ.વ.૩૦)(રહે.આર.એ.આર.એસ કંપની કોલોની જેતલપુર ગામ તાઃ-દસ્કોઈ જીઃ-અમદાવાદ) તા.૦૫/૦૩/૨૦૨૩ ના કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે જેતલપુર "આર.એ.આર.એસ પોલી પ્લાસ્ટ" કંપનીમાં ટેક પ્લાન્ટ મશીનમાં કામ કરતા હતા ત્યારે સ્ટેચીંગ રોલમાં દોરો કાપવા જતા, રાહુલકુમારનો હાથ, માથુ અને છાતીનો ભાગ મશીનમાં આવી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૪/૨૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૦૭/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** નિકુંજકુમાર ઇશ્વરભાઇ પટેલ(ઉ.વ.૨૨)(રહે.તિર્થ ભુમી ટેનામેન્ટ કૃષ્ણકુંજ સોસાયટી સામે, ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/03/૨૦૨૩ સવારના ૧૦/૩૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે આંબેડકરબ્રિજ નીચે સીડી નંબર-૪૯ પાસે વોક-વે નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ સબુરભાઇ ચલાવે છે.

**ખાડીયાઃ** સાહીલભાઈ જીતેન્દ્રભાઈ મોદી (ઉ.વ.૨૫)(રહે.સાંકડી શેરી હજીરાની પોળ રાયપુર)એ અગમ્ય કારણસર તા.૨૩/૦૨/૨૦૨૩ સાંજના ૫/૩0 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે બે-ત્રણ ઘુંટડા એસીડના પી લેતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.0૪/03/૨૦૨૩ સાંજના ૭/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.પરમાર ચલાવે છે.

**નરોડાઃ** મિથુન ઉદયસિંહ સોલંકી (ઉ.વ.૩૨)(રહે.લાલચાલી હરીઓમ આશ્રમ મીની કાંકરિયા સામે નરોડા)એ અગમ્ય કારણસર તા.0૫/03/૨૦૨૩ સાંજના ૭/૩0 વાગ્યા પહેલા પોતાના ઘરે છતના લાકડાના મોભારા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઈ ચલાવે છે.

**માધવપુરાઃ** નાસીરખાન સરદારખાન પઠાણ (ઉ.વ.૫૫)(રહે.અહેમદહુસેનની ચાલી પાણીની ટાંકી સામે દુધેશ્વર માધવપુરા) એ અગમ્ય કારણસર તા.0૫/03/૨૦૨૩ બપોરના ૩/૩0 વાગ્યા પહેલા કોઇપણ સમયે માધુપુરા તાવડીપુરા વાડીલાલ આઇસક્રીમ ફેક્ટરીની બાજુમાં આવેલ એન.એસ.સ્ક્રેપ ખાતે ઓરડીમાં પોતાની જાતે શરીર ઉપર કોઇ પ્રવાહી છાંટી સળગી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર કાંતીલાલ ચલાવે છે.

**રામોલઃ** તેજલબહેન રાજાભાઇ દિક્ષિત (ઉ.વ.૨૪)(રહે.ક્રિષ્નાધામ સોસાયટી, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.0૧/03/૨૦૨૩ સવારના ૧૧/00 વાગ્યાના સુમારે સીટીએમ બ્રિજ ઉપરથી પડતુ મુકતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.0૪/03/૨૦૨૩ રાતના ૧૦/૨૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એ.રાયજાદા ચલાવે છે.

**વટવા જી.આઇ.ડી.સી.**: ગૌરાંગભાઈ રાજુભાઈ પટેલ (રહે,પેરેડાઈઝ પાર્ક, વિનોબાભાવેનગર વસાહત આગળ, એસ.પી.રીંગ રોડ, જીઆઈડીસી વટવા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૩/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જી.આઇ.ડી.સી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હેમંતકુમાર ત્રિકમલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી